ATS (Anti Terrorist Squad) ગુજરાત ખાતે વાયરલેસ પોલીસ ઈન્સ્પેક્ટર સંવર્ગની ૨ જગ્યા તા.૦૧/૦૩/૨૦૨૪ થી તા. ૨૮/૨/૨૦૨૫ સુધી **ચાલુ રાખવા અંગે.**

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ,

ઠરાવ ક્રમાંક : HD/MHK/e-file/8/2023/0698/C1

સચિવાલય, ગાંધીનગર,

તારીખ : /૦૨/૨૦૨૪

- 2 MAR 2024

**વંચાણમાં લીધા :-**

(૧) ગૃહ વિભાગનો તારીખ ૦૩/૦૬/૨૦૨૩ નો ઠરાવ ક્રમાંક : HD/MHK/e-file/8/2023/0698/C-1.

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીનો તારીખ ૦૮/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક : ઈ-૧/૧૫૩૬/હં.જ./કન્ટી/૨૦૨૪-૨૫/૩૦૮૧/૨૦૨૩.

**ઠરાવ :-**

વિભાગનાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ તારીખ ૦૩/૦૬/૨૦૨૩ ના ઠરાવથી અધિક પોલીસ મહાનિદેશકશ્રી, તકનિકી સેવાઓ અને સ્ટેટ ક્રાઇમ રેકર્ડ બ્યુરો હસ્તકની ATS (Anti Terrorist Squad) ગુજરાત ખાતે વાયરલેસ પોલીસ ઈન્સ્પેક્ટર સંવર્ગની ૨ જગ્યા વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામે દર્શાવેલ ઠરાવથી મંજુર કરવામાં આવેલ હતી.

અધિક પોલીસ મહાનિદેશકશ્રી, તકનિકી સેવાઓ અને એસ.સી.આર.બી.ની કચેરી ખાતે ATS (Anti Terrorist Squad) ગુજરાત ખાતે વાયરલેસ પોલીસ ઈન્સ્પેક્ટર સંવર્ગની ૨ જગ્યા તારીખ ૦૧/૦૩/૨૦૨૪ થી તારીખ ૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવા વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામે દર્શાવેલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગાંધીનગરના તારીખ ૦૮/૧૨/૨૦૨૩ના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ છે.

ઉક્ત વિગતોએ પુખ્ત વિચારણાને અંતે, વાયરલેસ પોલીસ ઈન્સ્પેક્ટર સંવર્ગની નીચે મુજબની ૨ જગ્યા "તારીખ ૦૩/૦૬/૨૦૨૩ થી એટલે કે, એક વર્ષ સુધીની ખાલી જગ્યાઓ હોઇ, "ખાલી જગ્યા તરીકે " વધુ એક વર્ષ એટલે કે, તારીખ ૦૧/૦૩/૨૦૨૪ થી તારીખ ૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| અ.નં | હોદો | જગ્યાસંખ્યા |
|---|---|---|
| ૧ | પોલીસ ઈન્સ્પેક્ટર (વાયરલેસ ) | ૦૨ |
| | કુલ | ૦૨ |

સ્થગિત જગ્યાઓ ભરતા પહેલા ગૃહ વિભાગ મારફત નાણા વિભાગની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

108

Signature valid
Signed by:Mayurkumar Dantaniya
Section Officer
Date: 2024.03.01 16:53:37 +05:30

File No: HD/MHK/e-file/8/2023/0698/C1
Approved By: Deputy Secretary,HD
*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

હંગામી જગ્યાઓ જે હેતુ માટે મંજુર થયેલ હોય તે જ હેતુ માટે તે જગ્યાનો ઉપયોગ કરવાનો રહેશે.

હંગામી જગ્યાની મુદ્દત પુરી થવાના ૨ માસ અગાઉ જગ્યા ચાલુ રાખવાની જરૂરીયાત હોય તો પુરતા વ્યાજબી કારણો સાથે દરખાસ્ત કરવાની રહેશે. આગામી વર્ષમાં જગ્યા ચાલુ રાખવાની દરખાસ્ત સાથે કેટલી જગ્યા ભરાયેલ છે, કેટલી જગ્યા ખાલી છે, ખાલી જગ્યા કઇ તારીખથી ખાલી છે તેની સંવર્ગવાર યાદી રજુ કરવાની રહેશે.

આ બાબતનો ખર્ચ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં પ્લાન બજેટ સદર "માંગણી ક્રમાંક:૭૩, મુખ્ય સદર:૨૦૫૫, ગૌણ સદર-૧૦૯ ડીસ્ટ્રીકટ પોલીસ , પેટા સદર - ૦૧, MEP - 06 DISTRICT POLICE PROPER " હેઠળ ઉધારવાનો રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા સલાહકારશ્રી(ગૃહ) નાણા વિભાગની તા.૧૫/૦૨/૨૦૨૪ની નોંધથી મળેલ અનુમતી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુર દાતણિયા)

સેક્શન અધિકારી

ગૃહ વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ , સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (P & M), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, તકનિકી સેવાઓ અને એસ.સી.આર.બી., ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, આંતકવાદી વિરોધી દળ (ATS ), ગુજરાત રાજ્ય, અમદાવાદ
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(હથિયારી એકમો), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન , ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી. અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારી શ્રી, ગાંધીનગર / અમદાવાદ
- પેંશન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(ગૃહ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Signature valid
Signed by:Mayurkumar Dantaniya
Section Officer
Date: 2024.03.01 16:53:37 +05:30

- સેક્શન અધિકારીશ્રી આર શાખા, બ શાખા, આઈ ટી સેલ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- નાણા વિભાગ/ ઝ-૧ શાખા , સચિવાલય, ગાંધીનગર

- શાખા સિલેક્ટ ફાઈલ/નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ

Signature valid
Signed by:Mayurkumar Dantaniya
Section Officer
Date: 2024.03.01 16:53:37 +05:30